# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૨૯/૦૧/૨૦૧૮ થી તા.૦૪/૦૨/૨૦૧૮)

**ચકલાસી તાબે જસાપુરા ખાતેથી રૂ. ૨,૪૫,૦૦૦/- ની કિંમતના વિદેશી દારૂના મુદ્દામાલ સાથે ચકલાસીના બુટલેગર સાથે એક ઇસમને ઝડપી પાડી વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ કરતી એલ.સી.બી. ખેડા નડીયાદ**

**તા. ૨૯/૦૧/૨૦૧૮**

ખેડા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ અશરકારક પેટ્રોલીંગ કરી દારૂની પ્રવૃતિને નેસ્તનાબુદ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી મનિન્દર પ્રતાપ સિંહ પવાર સાહેબ નાઓએ કરેલ સુચનાની અમલવારીના ભાગરૂપે શ્રી વી.જે.રાઠોડ પો.ઇન્સ.શ્રી એલ.સી.બી. નાઓએ તેમના સ્ટાફને સઘન પેટ્રોલીંગ કરી જીલ્લામા વિદેશી દારૂની પ્રવૃત્તિ કરતા ઇસમો ઉપર વોચ તપાસ રાખી રેઇડો કરી આવી બદીને ડામી દેવા સુચના કરેલ. જે અનુસંધાને તા. ૨૯/૧/૧૮ના રોજ એલ.સી.બી. સ્ટાફના પો.સ.ઇ આર.કે.રાજપુત, એ.એસ.આઇ વિજયસિંહ, હેડકો. રતેસિંહ, પો.કો. વિનોદકુમાર, પો.કો. રાકેશકુમાર, પો.કો. ચિંતનકુમાર, પો.કો. ઋતુરાજસિંહ, વિગેરે પોલીસ માણસો ચકલાસી પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો. વિનોદકુમાર નાઓને મળેલ બાતમી હકિકત આધારે ચકલાસી જસાપુરામાં રહેતા કાંન્તીભાઇ મંગળભાઇ વાઘેલા નાઓના ઘરમાંથી અલગ-અલગ માર્કાની પરપ્રાન્તની ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ ૬૦૬ કીં રૂ ૨,૪૫,૦૦૦/-તથા મોબાઇલ નંગ-૨ કિ.રૂ. ૧૦૦૦/- મળી કુલ રૂ. ૨,૪૬,૦૦૦/- ના પ્રોહિ. મુદ્દામાલ સાથે (૧) કાંન્તીભાઇ મંગળભાઇ વાઘેલા રહે. જસાપુરા તાબે ચકલાસી (૨) જગદીશ ઉર્ફે સોમો બચુભાઇ વાઘેલા રહે. ભઇજીપુરા તાબે ચકલાસી જી.ઇ.બી. ગ્રીડ પાસે તા.નડીયાદ નાઓને સ્થળ ઉપરથી ઝડપી પાડી પો.કો. વિનોદકુમાર નાઓએ ચકલાસી પો.સ્ટે. પ્રોહિબિશન ધારા હેઠળનો ગણનાપાત્ર કેસ કરેલ છે. આગળની વધુ તપાસ પો.સબ ઇન્સ. શ્રી આર.કે.રાજપુત એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓ કરી રહેલ છે.



# લોન આપવાના બહાના હેઠળ પ્રોસેસીંગ ફીના નામે રૂપીયા પડાવવાનો ધંધો કરી રહેલ કોલ સેન્ટરના ગુનાના મુખ્ય સુત્રધારને ઝડપી પાડતી એલ.સી.બી. નડીયાદ

## તા. ૩૧/૦૧/૨૦૧૮

તા. ૨૦/૧૨/૦૧૭ ના રોજ માતર પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૭૮/૧૭ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦બી તથા આઇ.ટી. એકટ કલમ ૬૬ (સી), ૬૬ (ડી) મુજબ ના કામે મોજે સંધાણા ગામે ને.હા.નં. ૪૮ રોડ ઉપર આવેલ હોટલ સમ્રાટની બિલકુલ પાછળના ભાગે આવેલ એક ફાર્મ હાઉસમા સ્વીમીંગ પૂલની બાજુમા આવેલ એક રૂમમા કોમ્પ્યુટર ઉપર વિદેશોમા કોલીંગ કરાવી લોન ઇચ્છુક ઇસમોને લોન પેટેના ઇન્સ્યોરન્સ ઉતરાવવાના બહાને રૂપિયા પડાવવાનો ધંધો કરી કોલ સેન્ટર ચલાવતા આરોપીઓ (૧) મુનાફ મોઇનુધ્દિન શેખ રહે. અમદાવાદ પાંચ કુવા, નવી મહોલત ગલી નં. ૧૧, મ.નં. ૬૩૭ કાલુપુર અમદાવાદ (૨) ઉવેજઅહેમદ સઇદઅહેમદ શેખ રહે. શાહપુર હોજ, સુબરાની શાહની મસ્જિદની સામે, અમદાવાદ (૩) તન્વીરહુસૈન અલ્લારખા મલેક રહે. મટવાકુવા મોટોવાસ, મોટીફળી, કલોલ, તા.કલોલ જી.ગાંધીનગર (૪) નઇમ શાહ સ/ઓ હમીદશાહ છોટુશાહ દિવાન રહે. મુળ ૩૧૪, મદનીનગર રામોલ અમદાવાદ હાલ રહે. ર, જીન્નત રેસીડેન્સી અકબર ટાવર, જુહાપુરા અમદાવાદ (૫) નિસર્ગ સ/ઓ ચેતનભાઇ મણીલાલ ઠકકર રહે. ૩/૩૦૯, એલઆઇજી ફલેટ નં. ૧૪, બીઝનેસ પાર્કની પાછળ, રાયપુર અમદાવાદ (૬) ધર્મેશ સુનિલભાઇ બારોટ રહે. ચામુંડા નગરતલાવડી, બુટ ભવાની વેજલપુર જુહાપુરા રોડ અમદાવાદ (૭) ધ્વનીત ભૂપતસિંહ રાજપૂત રહે. એસ/૩, બીલ્ડીંગ, બી/૯, શિવાલય એપાર્ટમેન્ટ, વેજલપુર, અમદાવાદ (૮) જોહનજરૂમી ઇમાનવેલ ક્રિશ્ચિયન રહે. ૧૨૯, પશ્ચિમ કાલુગેડી, વડીશેરી નાગરકોઇલ, જી.કન્યાકુમારી (કેરલ) નાઓને આર.આર.સેલ તથા એલ.સી.બી ખેડા નડીયાદ નાઓની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવેલ. સદર ગુનાના કામે પકડાયેલ ઉપરોકત તમામ ઇસમો પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ ૧૦ કી.રૂ. ૪૯,૦૦૦/- તથા ૧ લેપટોપ કિ.રૂ. ૨૦,૦૦૦/- તથા ૪ સીપીયુ કી.રુ. ૨૬,૦૦૦/- તથા ૩ મોનીટર કિ.રૂ. ૮૦૦૦/- તથા ૪ કીબોર્ડ કી.રૂ. ૮૦૦/- તથા ૪ માઉસ કી.રૂ. ૨૦૦/- તથા ૫ હેડ ફોન્સ કી.રૂ. ૭૫૦/- તથા ૮ મેજીક જેક કિ.રૂ. ૨૮,૦૦૦/- તથા ૬ હોટ સ્પોટ કિ.રુ. ૬૦૦૦/- તથા એક ઇલેકટ્રીક મલ્ટી સોકેટ કી.રૂ. ૧૦૦/- મળી કુલ રૂ. ૧,૩૮,૮૫૦/- ની મતાનો મુધ્દામાલ મળી આવેલ. અને આ કોલ સેન્ટર સદર ગુનાનો મુખ્ય સુત્રધાર વાહીદ ઉર્ફે આર.કે. મજીદભાઇ અબ્બાસભાઇ શેખ રહે. ઝહીરાબાદ , મોલાના આઝાદ સ્કલ સામે, સવગઢ હિંમતનગર નાઓ દ્વારા ચલાવાતુ હોવાનુ તપાસ દરમ્યાન જણાઇ આવતા સદરી આરોપીને આજરોજ ઉક્ત ગુનાના કામે પકડી અટક કરેલ છે. સદર ગુનાની આગળની વધુ તપાસ શ્રી વી.જે.રાઠોડ પો.ઇન્સ. એલ.સી.બી. નાઓ કરી રહેલ છે.



## અમદાવાદ શહેરના ખોખરા પો.સ્ટે.ના વિવિભ ગુનાઓના કામે નાસતા ફરતા બે આરોપીઓને ઝડપી પાડતી ખેડા-નડીયાદ એલ.સી.બી

તા. ૦૪/૦૨/૨૦૧૮

પોલીસ મહાનિદેશક અને મખ્ય પોલીસ અધીકારીશ્રી ગુ.રા.ગાંધીનગર નાઓએ આગામી દિવસોમા મહાશિવરાત્રી તેમજ હોળી-ધુળેટી ના તહેવારને અનુલક્ષીને આગામી તા. ૦૧/૦૨/૧૮ થી તા. ૧૫/૦૨/૧૮ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ડ્રાઇવનુ આયોજન કરેલ હોય જે ડ્રાઇવ અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, મનિન્દર પ્રતાપસિહ પવાર નાઓએ જીલ્લામા રહેતા અને બહારના જીલ્લાના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા આપેલ સુચના અન્વયે એલ.સી.બી. પો.ઇન્સ. શ્રી વી.જે.રાઠોડ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફની એક ટીમમાં એ.એસ.આઇ. ઇમામબક્ષ, એ.એસ.આઇ. અશોકભાઇ, પો.કો. અમરાભાઇ, ,પો.કો ધર્મપાલસિંહ , પો.કો. જોધાભાઇ, પોકો કુંદનકુમાર વિગેરે સ્ટાફના પોલીસ માણસો સાથે નડીયાદ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન પોકો કુંદનકુમાર નાઓને મળેલ બાતમી હકીકત આધારે અમદાવાદ ખોખરા પો.સ્ટે. પ્રોહિ.ગુ.ર.નં ૫૨૨૯/૧૭ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)બી,૬૫ઇ,૮૧, વિગેરે મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપી (૧) ભૌતિકકુમાર ઉર્ફે ભાઉ રાજુભાઇ જાતે સાગરા (મારવાડી) રહે. નડીયાદ ન્યુ શોરોક ગ્રાઉન્ડ રાજીવનગરની બાજુમાં જી.ખેડા નાઓને નડીયાદ સંતાના ચોકડી ખાતેથી સી.આર.પી.સી. કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી અમદાવાદ ખોખરા પો.સ્ટે. સોંપવામાં આવેલ છે. તેમજ બીજી ટીમમાં અ.હેડકો. રતેસિંહ , પો.કો. ચીંતનકુમાર, પો.કો. ગીરીશભાઇ, પો.કો. ચંન્દ્રસિંહ નાઓ નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા. દરમ્યાન પો.કો. ગીરીશભાઇ તેમજ પો.કો. ચિંતનકુમાર નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે અમદાવાદ શહેરના ખોખરા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૫૫૪૪/૨૦૧૭ પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫ઇ,૮૧ મુજબના કામનો નાસતા ફરતા આરોપી (૨) પ્રદિપભાઇ ઇન્દુભાઇ તળપદા રહે.નડીયાદ વાઘરીવાસ તા.નડીયાદ જી.ખેડા નાઓને નડીયાદ મીલ રોડ ખાતેથી સી.આર.પી.સી. કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી અમદાવાદ ખોખરા પો.સ્ટે. સોંપવામાં આવેલ છે.

(૧) ભૌતિકકુમાર ઉર્ફે ભાઉ રાજુભાઇ જાતે સાગરા




(૨) પ્રદિપભાઇ ઇન્દુભાઇ તળપદા

